નં./૫૦૦૦/૮/૨૦૧૩

પ્રવેશ ફોર્મ ફી રૂા. ૫૦/-

પ્રવેશ ફોર્મ નંબર : № 005000

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.

## હોસ્ટેલ પ્રવેશ ફોર્મ

વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીનો ફોટો

(અધ્યક્ષશ્રીએ પ્રમાણિત કરેલ)

પ્રતિ,

રેકટરશ્રી,

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,

પાટણ.

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથે વિનંતી કે યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ.............................................................. અનુસ્નાતક વિભાગ/કોલેજના .................................................................... અભ્યાસક્રમના.......................... વર્ષમાં/સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ છે. મારૂં નામ,સરનામું તથા અન્ય વિગતો નીચે મુજબ છે. હું હોસ્ટેલમાં રહેવા ઇચ્છું છું. યુનિવર્સિટી છાત્રાલયના નિયમો તથા બાંહેધરીપત્રકના નિયમો મેં વાંચ્યા છે, જે નિયમો અત્યારે અમલમાં છે. અને ભવિષ્યમાં અમલમાં આવશે તે નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવા હું બંધાઉ છું. તથા મારું વર્તન સંસ્થાની શિસ્ત અને સામાજીક પ્રતિષ્ઠાને અનુકૂળ રહેશે તે માટેની હું ખાત્રી આપું છું. મારા વર્તનમાં ગેરશિસ્ત દેખાય અથવા છાત્રાલયના કોઇ નિયમોનું પાલન ન કરતો હોય તો મારો પ્રવેશ રદ કરવા પાત્ર થશે એ શરતે મને છાત્રાલયમા પ્રવેશ આપી આભારી કરશો.

૧. વિદ્યાર્થીનું નામ

| અટક | નામ | પિતા/વાલીનું નામ |
|---|---|---|
| | | |

૨. કાયમી સરનામું

| | | | |
|---|---|---|---|
| ગામ/શહેર | | | |
| તાલુકો | | | |
| જિલ્લો | | | |
| પિન કોડ | | ફોન/મોબા. નંબર | |

| | | | |
|---|---|---|---|
| ૩. | જન્મ તારીખ | ૪. | પરીણિત/અપરીણિત (ટીક કરો) |

| |
|---|
| ૫. કેટેગરી દર્શાવો : જનરલ/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વ (ટીક કરો) |

૬. યુનિવર્સિટી /કોલેજમાં પ્રવેશ મેળવેલ અનુસ્નાતક વિભાગ/કોલેજનુંનામ

| |
|---|
| |

૭. અભ્યાસક્રમની ફીની વિગત

| અભ્યાસક્રમ નું નામ | શૈક્ષણિક વર્ષ | ફીની રકમ | પાવતી નંબર | પાવતીની તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

૮. છેલ્લી કોલેજની વિગત

| | | | |
|---|---|---|---|
| કોલેજનું નામ તથા સરનામું | | | |
| અભ્યાસક્રમનું નામ | | | |
| શૈક્ષણિક વર્ષ | | રોલ નં | |

૯. પરીક્ષાની વિગત

| ક્રમ | પરીક્ષાનું નામ | વિદ્યા શાખા | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા | વર્ગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એચ.એસ.સી. (ધો-૧૨) | | | | | |
| ૨ | સ્નાતક........... | | | | | |
| 3 | અનુસ્નાતક ............ | | | | | |

અરજદારનું પુરૂં નામઃ ..................................................................................................................

મારા વાલીપણા નીચે છે, આ સંસ્થાના નિયમ પાલનની એણે આપેલી ખાત્રીઓ માટેનું જામીનપદ હું સ્વીકારૂ છું.

વાલીની વિગત

| | |
|---|---|
| વાલીનું પુરૂં નામ અને સરનામું : | |
| ટેલીફોન નંબર : (ઘર) | મોબાઈલ/ ઓફીસ : |
| વ્યવસાય : | વાર્ષિક આવક : |

વર્ષ દરમ્યાન મળવા માટે આવનાર સગા/સંબંધીનુંનામ/ સરનામું

| ક્રમ | નામ | સંબંધ | સરનામું |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

વાલીની સહી

વિદ્યાર્થીની સહી

(વાલીએ રૂબરૂમાં સહી કરવાની રહેશે.)

---

## (ફકત કાર્યાલય ઉપયોગ માટે)

ત્રણ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળા છાત્રાલયના રૂમ નંબર ........................................ માં ........................................

સત્ર/વર્ષ માટે પ્રવેશ આપવામાં આવે છે.

૧. હોસ્ટેલ ડિપોઝીટની વિગત

| ડિપોઝીટની રકમ | પાવતી નંબર | તારીખ |
|---|---|---|
| | | |

૨. હોસ્ટેલ ફી

| વિગત | પ્રથમ સત્ર | | દ્વિતીય સત્ર | |
|---|---|---|---|---|
| હોસ્ટેલ ફીની રકમ | પાવતી નંબર | તારીખ | પાવતી નંબર | તારીખ |
| | | | | |

## રૂમ સોંપણીની વિગત

વિદ્યાર્થીનું નામ :.................................................................... ફાળવેલ રૂમ નંબર :....................................

કબાટની સંખ્યા :...................... ટેબલની સંખ્યા :...................... ખુરશીની સંખ્યા :....................................

અન્ય :..................................................................................................................................

તેમજ વીજળીનાં પોઇન્ટસ, સ્વીચો, ટયુબ લાઇટ,પંખાઓ ચાલુ હાલતમાં મળેલ છે.

સોંપણીની તા. - -૨૦૧ વિદ્યાર્થીની સહી ..................................................

હોસ્ટેલ રેકટરશ્રીની સહી અને સિકકો

પ્રવેશ ફોર્મ સાથે નીચે દર્શાવેલ બિડાણ કરવાનાં રહેશે.

(૧) છેલ્લી પરીક્ષા પસાર કર્યાના ગુણપત્રકની પ્રમાણિત નકલ.

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ જાતીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(૩) યુનિવર્સિટી/કોલેજના અભ્યાસક્રમની ફી ભર્યાની પાવતીની ઝેરોક્ષ નકલ

(૪) શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(૫) બે સ્ટેમ્પ સાઇઝના ફોટા

નોંધ : - માહિતી અધૂરી હશે તો પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.

## (બાંહેધરી પત્રક)

આથી હું બાંહેધરી આપું છું કે હોસ્ટેલમાં મને પ્રવેશ મળ્યો છે અને હોસ્ટેલના નીચે દર્શાવેલ નિયમોનં હું ચુસ્તપણે પાલન કરીશ.

૧. છાત્રાલય કે યુનિવર્સિટી ભવનમાં કોઇપણ પ્રકારની રેંગીગ પ્રવૃત્તિ કરી શકાશે નહીં. 'રેગીંગ' કરાવનાર કે કરનારને કોઇપણ સૂચના આપ્યા સિવાય પ્રવેશ રદ કરવામાં આવશે તથા નિયમાનુસાર કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

૨. મને જો રૂમ ફાળવવામાં આવશે તે રૂમનું ફર્નીચર તથા લાઇટ ફીટીંગ હું સાચવીશ, લાઇટ ફીટીંગ સાથે તથા તેના ઉપકરણો સાથે કોઇપણ પ્રકારના ચેડાં કરીશ નહીં, અને રૂમનું ફર્નીચર કે રૂમની અન્ય કોઇ ચીજ બીજા રૂમમાં કે અન્યત્ર ખસેડીશ નહી.

૩. ઇલેક્ટ્રીક બલ્બ કે ટયુબ પોતાના ખર્ચે **40 Walt** કરતા વધારે નહિ તે રીતે વસાવવાની રહેશે.**40 Walt** કરતા વધારે **Walt** ના બલ્બનો ઉપયોગ થતાં માલુમ પડશે તો યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર દંડ આપવા બંધાઉ છું.

૪. હોસ્ટેલમાં ઇલેક્ટ્રીક ઇસ્ત્રી, રેડિયો,ટેપ,ગરમ પાણી કરવા માટેના ઇલેક્ટ્રીક ઉપકરણોનો ઉપયોગ કરીશ નહી આ નિયમો નું હું ભંગ કરીશ તો યુનિવર્સિટીના નિયમો અનુસારની શિક્ષા ભોગવવા હું બંધાઉ છું.

૫. વેકેશન દરમ્યાન અભ્યાસક્રમ ચાલુ રહેશે તો હોસ્ટેલમાં રહેવા માટે રેકટરશ્રીની લેખિત પરવાનગી લેવાનું રાખીશ. આ સમય દરમ્યાન હોસ્ટેલના ચાર્જિસ યુનિવર્સિટીના નિયમો અનુસાર ભરવા બંધાઉ છું. તથા ભોજનની વ્યવસ્થા સ્વયં કરીશ.

૬. હોસ્ટેલમાં બિન અધિકૃત વ્યકિત (સગા-સંબંધી , મિત્ર કે અન્ય સહાધ્યાયી) ને કોઇપણ સંજોગોમાં રોકાણ કરાવીશ નહી.

૭. હોસ્ટેલના કોઇપણ ત્રણ શિક્ષાત્મક દંડ મને લાગુ પડશે તો હોસ્ટેલમાંથી મને બરતરફ કરવામાં આવશે તે નિયમની મને જાણ છે.

૮. ઘોંઘાટ, ધાંધલ કે મોટેથી બોલીને આજુબાજુની રૂમના અન્ય વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડીશ નહી.

૯. હોસ્ટેલના રસોડા માટેજે વ્યવસ્થા ગોઠવાય તે અને હોસ્ટેલમાં ભોજન લેવું ફરજીયાત છે. તે હું જાણું છું, રસોડામાં કામ કરતાં કર્મચારીઓ સાથે અસભ્ય વર્તન કરીશ નહીં.

૧૦. હોસ્ટેલના નિયમ પ્રમાણે ભોજન માટે જે કટ મળશે તે મને સ્વીકાર્ય છે. કટ અંગેની લેખિત જાણકારી એક દિવસ અગાઉ આપીશ. જો આ કરવામાં કસૂરવાર ઠરીશ તો કટ ન આપવા અંગે મારી કોઇ ફરીયાદ રહેશે નહી.

૧૧. જયાં સુધી રસોડું ચાલુ રહેશે અથવા મારી પરીક્ષા પુરી થયે અથવા કોલેજમાં વેકેશન હશે તે સિવાય બધાંજ દિવસો ભોજન લેવા હું બંધાયેલ છું. ફૂડ બીલ ભરવા માટે જે તારીખ અને સમય નિયત કરેલો હશે તે સમય મર્યાદામાં હું મારું બીલ ભરી દઇશ.

૧૨. બાથરૂમ, જાજરૂ, લોબીયો, રસોડું, ભોજનખંડ તથા મારી રૂમની સ્વચ્છતા જાળવવાની ખાત્રી આપું છું. પાણીનો ખોટો બગાડ જાણે અજાણે પણ નહીં કરૂં અને મારા સહાધ્યાયીઓ આવું વર્તન કરતા હશે તો તેમને અટકાવવામાં હું સંપૂર્ણ સહયોગ આપીશ.

૧૩. હોસ્ટેલમાં કે સંસ્થામાં પાન-બીડી મસાલા કે નશાકારક પદાર્થો વગેરેનો ઉપયોગ નહી કરૂં અને હોસ્ટેલ/કોલેજની દિવાલો રૂમોને સ્વચ્છ રાખવા સંપૂર્ણ સભાનપૂર્વક પાલન કરીને સહયોગ આપીશ.

૧૪. હોસ્ટેલમાં પત્તા,રમવા,જુગાર રમવો અન્ય દૂષણોથી દૂર રહીશ. આ બદલ કોઇ ફરિયાદ આવશે તો મારો પ્રવેશ રદ થવાપાત્ર રહેશે.

૧૫. રાત્રે ૯-૩૦ કે તે પહેલા હોસ્ટેલમાં અચૂક આવી જઇશ. ત્યારબાદ હોસ્ટેલમાં પ્રવેશ મળશે નહીં. તથા આ અંગે જે કોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તે મને સ્વીકાર્ય રહેશે.

૧૬. જે સંસ્થામાં અભ્યાસ કરૂ છું, ત્યાં પણ શિસ્તપૂર્વક આચરણ કરીને અભ્યાસ કરીશ.

૧૭. પ્રવેશ મેળવ્યા બાદ દસ દિવસમાં ઓળખકાર્ડ મેળવી,સહી/સિકકા કરાવી લેવાનું રાખીશ અને જયારે પણ આચાર્યશ્રી,રેકટરશ્રી કે સંબંધિત હોસ્ટેલ કર્મચારી માંગે ત્યારે રજૂ કરીશ.

૧૮. સત્રના અંતે કે જયારે પણ હોસ્ટેલ પ્રવેશ રદ કરવાનો થાય અને હોસ્ટેલ છોડવામાં આવશે ત્યારે મને સોપેલ રૂમની સોંપણી અધિકૃત કર્મચારીને કરીને જઇશ.

૧૯. હોસ્ટેલના વખતોવખતના નિયમો તથા રેકટરશ્રીની સૂચનાઓનું પાલન કરીશ અને તેમ કરવામાં કસૂરવાર ઠરીશ તો હોસ્ટેલ તથા જે સંસ્થામાં અભ્યાસ કરું છું તે સંસ્થાના વડા જે કાંઇ પણ શિક્ષાત્મક પગલાં લેશે તે મને સ્વીકાર્ય રહેશે.

૨૦. જરૂર જણાશે તો રેકટરશ્રી કોઇપણ પ્રકારની સૂચના આપ્યા સિવાય બંધ રૂમનું લોક તોડીને અંદર પ્રવેશ કરી શકશે.

**વિદ્યાર્થીની સહી** **વાલીની સહી**

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.

## દેખરેખનો નિયમ :

૧. છાત્રાલયમાં વસતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પર દેખરેખ અને નિયંત્રણ રેકટરશ્રી/ગૃહપતિને આધીન રહેશે.

## પ્રવેશ અને કક્ષો (રૂમ) ની વહેંચણીના નિયમો

૧. યુનિવર્સિટી છાત્રાલય માટે આવેલ પ્રવેશ-અરજીઓ અન્વયે જે તે વર્ષ માટે છાત્રાલયની બેઠકો યુનિવર્સિટીના વખતો વખતના નિયમોને આધિન ફકત યુનિવર્સિટી કેમ્પસમાં ચલાવાતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટી/ અનુસ્નાતક વિભાગો/કોલેજોને ફાળવેલ બેઠકો પ્રમાણે ગુણાનુક્રમ અનુસાર ભરવામાં આવશે.

૨. કક્ષો (રૂમ) ની વહેંચણી,વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનો અરજીનો ક્રમ,અભ્યાસનું વર્ષ,પરીક્ષાનું પરિણામ અને રમતગમતમાં નિપૂણતાને નજરમાં રાખીને કરવામાં આવશે. પરંતુ રેકટરશ્રી પોતાની વિવેકબુદ્ધિથી કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને 'ના' પાડી શકશે અથવા તો ગમે તે વખતે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને શિસ્તના પગલાં તરીકે છાત્રાલયમાંથી દૂર કરી શકશે. દરેક રૂમમાં સમાવેશના અવકાશ પ્રમાણે સંસ્થાએ નકકી કરેલ સંખ્યામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ રહેવું પડશે.

૩. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રૂમમાં એક જગ્યા આપવામાં આવી હશે તેને જો નકકી કરેલ તારીખ સુધીમાં પોતાનું શુલ્ક વગેરે ભર્યુ નહી હોય તો તેનો જગ્યાનો હકક રદ ગણવામાં આવશે અને તેને બદલે તે જગ્યા પછીના યોગ્ય ઉમેદવારને આપવામાં આવશે.

૪. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ દર વર્ષે હોસ્ટેલનું પ્રવેશ ફોર્મ ફરજીયાત ભરીને નિયમાનુસાર એડમીશન લેવાનું રહેશે.

૫. ગેરશિસ્ત આચરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને ફરીથી હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે નહી.

૬. છાત્રાલયની અનામત રકમ જયાં સુધી વિદ્યાર્થી/વિદ્યાર્થીની છાત્રાલયમાં રહેશે ત્યાં સુધી યુનિવર્સિટી સાચવી શકશે પરંતુ ત્યારબાદ છાત્રાલય છોડયાના પૂરા ૩૦ દિવસમાં જો મૂળ પહોંચ પરત આપશે તો તે અનામત તેને પાછી આપવામાં આવશે. જો મૂળ પહોંચ ખોવાઇ ગઇ હશે તો કોઇપણ સંજોગોમાં છાત્રાલય અનામત પરત આપવામાં આવશે નહી.

૭. છાત્રાલય પ્રવેશ માટેની પસંદગી થયા બાદ રેકટરશ્રી જે રૂમ ફાળવે તેમાં જ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ રહેવું પડશે.

૮. જો કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીની પુરા સમયની કે ખંડ સમયની નોકરી કરતી માલૂમ પડશે તો છાત્રાલયમાંથી પ્રવેશ રદ કરવામાં આવશે. આ અંગેનો રેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૯. હોસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીની અપ-ડાઉન માટે એસ.ટી./રેલ્વે પાસ કઢાવી શકશે નહી.

## સ્વચ્છતા અંગેના નિયમો :-

૧. દરેક ઓરડાની અને અંદરના ફર્નીચરની સ્વચ્છતા જાળવવાની જવાબદારી જે તે ઓરડામાં રહેનારા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની રહેશે.

૨. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પોતાની રૂમ અને છાત્રાલયની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જળવાય તે રીતે વર્તવાનું રહેશે.

૩. નકામા કાગળો અને કચરો કચરા પેટીમાં જ નાખવાનો રહેશે.ઓરડામાં જવા આવવાના માર્ગોમાં કે અગાસીમાં,સીડીના માર્ગમાં, કે બીજે કયાંક છાત્રાલય કેમ્પસની અંદર થૂંકવાની સખત મનાઇ છે. વોશ બેસીન/બાથરૂમ/સંડાસ/ સીડીના માર્ગમાં કે હોસ્ટેલના અન્ય કોઇ પણ સ્થળે પાનની કે ગૂટખાની પીચકારી મારવાની સખ્ત મનાઇ છે.

૪. હોસ્ટેલમાં પાન/ગૂટખા/તમાકુ ખાવાની કે બીડી/સીગારેટ કે અન્ય કોઇ વ્યસન કરવાની સખત મનાઇ છે. વ્યસન કરનારની સામે યુનિવર્સિટી કેમ્પસના ધારાધોરણ મુજબ દંડ હોસ્ટેલના નિયમાનુસાર તેનાથી બે ગણો દંડ એમ કુલ ત્રણ ગણો દંડ દરેક વખતે વસૂલ કરવામાં આવશે.

૫. વિદ્યાર્થી/વિદ્યાર્થીની પોતાના નિવાસ કક્ષની અંદર ભોજન લઇ શકશે નહીં, માંદગી પ્રસંગે રેકટરશ્રીની પરવાનગી મેળવવાની રહેશે.

**છાત્રાલય મિલકતને નુકશાન ના નિયમો :**

૧. ખીલી, ખીલા ખોડવા/ઠોકવા,દિવાલો બગાડવી કે એવી રીતે છાત્રાલયની મિલ્કતને, ફર્નીચર વગેરેને કંઇ નુકશાન કરવામાં આવશે તો (૧) તે ઓરડામાં રહેનારને ખર્ચે કે (૨) આખા છાત્રાલયમાં રહેનારાઓના ખર્ચે જે પ્રમાણે આવશ્યક જણાય તે રીતે દંડ કરવામાં આવશે.

૨. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ કિંમતી દાગીના કે કિંમત ચીજવસ્તુઓ હોસ્ટેલમાં રાખી શકશે નહીં. આ પ્રકારની ચીજવસ્તુઓ ખોવાઇ, જાય કે અગર ચોરાઇ જાય તે અંગેની રેકટરશ્રી કે યુનિવર્સિટીની કોઇજ જવાબદારી રહેશે નહી. આ માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સલાહ આપવામાં આવે છે કે રાષ્ટ્રીયકૃત બેંકમાં પોતાનું બચતખાતું/લોકર ની વ્યવસ્થા કરવી.

૩. ચીજ-વસ્તુઓ સોંપાય તે સોંપણી રજીસ્ટ્રરમાં તે અંગેની સહી કરી આપવાની રહેશે. તમામ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ વ્યકિતગત રીતે તથા સામૂહિક રીતે છાત્રાલયની તમામ ચીજ-વસ્તુઓને સલામત રીતે અને યોગ્ય ઉપયોગ માટે જવાબદાર ગણાશે. જેવાં કે પાણીના નળ,વોશ બેસીન,ઇલેકટ્રીક વપરાશની ચીજવસ્તુઓ વગેરેના દુરુપયોગ કે તોડફોડ માટે વ્યકિતગત કે સામૂહિક રીતે વસૂલાત કરવામાં આવશે. વસૂલાત અંગેની રકમ રેકટરશ્રી/યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ દ્વારા નકકી કરવામાં આવશે.

૪. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ પોતાને સોંપવામાં આવેલ રૂમને પોતાનું તાળુ લગાવવાનું રહેશે. વેકેશનના દિવસો અથવા લાંબી રજા જેવા પ્રસંગોએ પોતાનો સામાન નિયત કરેલ જગ્યાએ મૂકી રૂમની સોંપણી કરવાની રહેશે.

૫. વેકેશન કે લાંબી રજાઓ માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રૂમ પરત સોંપે ત્યારે રૂમનું ફર્નીચર તથા અન્ય ચીજવસ્તુઓ જે હાલતમાં સોંપવામાં આવેલ હોય તે હાલતમાં ચકાસણી કરાવી સોંપવાના રહેશે. ફર્નીચર ભાંગ-તૂટનો ચાર્જ રેકટરશ્રી/બાંધકામ વિભાગે નિયત કરેલ દરે વસૂલ કરવામાં આવશે.

**વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના વર્તનના નિયમો :**

૧. જેનાથી ભણતરમાં ખલેલ પડે તેવી કોઇપણ વસ્તુના વપરાશની હંમેશા મનાઇ રહેશે. અને જેનાથી ઉંઘમાં ખલેલ પડે એવી કોઇપણ વસ્તુ રાત્રે નવ વાગ્યા પછી બંધ થઇ જવી જોઇએ. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી શકે તે માટે નીચે પ્રમાણેનો શાંતિ સમય પાળવો પડશે. કોઇપણ જાતના અવાજથી શાંતિનો ભંગ કરવાનો નથી. 'શાંતિનો સમય રાત્રે ૯ થી સવારના ૬ વાગ્યા સુધી'

૨. છાત્રાલય નિવાસી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને છાત્રાલયની હદમાં કયારેય રેકટરશ્રીની પરવાનગી સિવાય સભા બોલાવવાની છૂટ નથી.

૩. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ રેકટરશ્રીની પરવાનગી મેળવીને પણ રાત્રે મોડા આવવાના હોય તો જે જગ્યાએ જવાનું હોય તેનુ નામ સરનામું અને પોતે પાછા કયારે આવશે તેનો સમય આ માટે રાખેલ નોંધણી રજીસ્ટરમાં લખવો પડશે.

૪. રજા માટેની સર્વે અરજીઓ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ નિયત ફોર્મમાં કરવી પડશે.

૫. વિદ્યાર્થી/વિદ્યાર્થીની કોલેજ અને છાત્રાલય બંનેમાં એક સાથે ગેરહાજર રહેવા માંગતા હોય તેને રેકટરશ્રી પરવાનગી આપી શકશે નહીં. આને માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ રેકટરશ્રી મારફતે જે તે ભવનના અધ્યક્ષશ્રીને અરજી કરવી પડશે.

૬. છાત્રાલયવાસીઓને મળવા માટે બહારના વ્યકિતઓને નીચેના સમયે પરવાનગી આપવામાં આવશે.(૧)દરરોજ સાંજે ૫ થી ૭ (૨) રવિવારે અને તહેવારના દિવસે સવારે ૯ થી ૧૧ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ રેકટરશ્રીની રજા સિવાય છાત્રાલયના રૂમમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મળવાની છૂટ નથી. આવી રજા પંદર મિનિટથી વધુ નહી હોય. છાત્રાલયમાં બહારના માણસોને મળવા માટે રેકટરશ્રીની પરવાનગી મેળવવાની રહેશે.

૭. પુરૂષ કે સ્ત્રી મુલાકાતીઓએ વિઝીટબૂક જે ત્યાં રાખવામાં આવેલ છે ત્યાં પોતાનું પુરૂ નામ અને બીજી અન્ય વિગતો જણાવવાની રહેશે.

૮. હોસ્ટેલમાં કોઇપણ સંજોગોમાં સગા-સંબંધી કે મિત્રોને રાત્રિ રોકાણની પરવાનગી આપવામાં આવશે નહી.

૯. વિદ્યાર્થીનીના વાલીએ આચાર્યને પોતાના સંતાન કે આશ્રિત માટે સ્થાનિક વાલીનું નામ આપવું પડશે. જેઓ વિદ્યાર્થીનીને મળવા આવી શકે. તેમને તેમની રજા આપી શકાય. રેકટરશ્રીની રજા સિવાય શિયાળાના રાત્રિના ૮-૩૦ પછી અને ઉનાળામાં રાત્રિના ૯-૦૦ પછી કોઇપણ વિદ્યાર્થીનીએ રૂમ છોડવાનો નથી. વિદ્યાર્થીનીને તહેવાર,રવિવાર કે બીજા દિવસોએ રજા લઇને પોતાના સગાને ઘેર જાય ત્યારે જેને ઘરે ગયા હોય તેની પાસેથી તે જાતની ચિઠ્ઠી સહી સાથે લખાવી લાવી પડશે. અથવા

એડવાન્સમાં ચિઠ્ઠી જમા કરાવવાની રહેશે. આ સમય દરમ્યાનની વિદ્યાર્થીનીની કોઇપણ પ્રકારની જવાબદારી રેકટરશ્રી કે યુનિવર્સિટીની રહેશે નહી.

૧૦. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને નામે પોસ્ટના જે કાગળો આવશે તેને પ્રથમ રેકટરશ્રીને સોંપવામાં આવશે. ત્યાર પછી તેની વહેંચણીનો પ્રબંધ કરવામાં આવશે. જરૂર જણાયે રેકટરશ્રી પત્રને વાંચી પણ શકશે. અભ્યાસ ને લગતા પત્રો સિવાય અનઅધિકૃત પત્રો માટે યોગ્ય પગલાં લેઇ શકાશે.

૧૧. માંદગીના દરેક કિસ્સામાં રેકટરશ્રીને તાત્કાલિક ખબર આપવાની રહેશે.

૧૨. કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ પોતાનો અંગત નોકર રાખવા દેવામાં આવશે નહી.

૧૩. કૂતરાઓ કે બીજા પાળેલા પ્રાણીઓ રાખવાની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મનાઇ છે.

૧૪. જયાં કોઇ ચેપી રોગનો તાજો કિસ્સો બન્યો હોય તેવા ઘરે જવાની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મનાઇ છે. અકસ્માતે આવુ કાંઇ બને તો છાત્રાલયમાં પાછા ફરીને રેકટરશ્રીને ચોકકસપણે જાણ કરવાની રહેશે.

૧૫. છાત્રાલયમાં કોઇપણ નોકર સામેની ફરીયાદ રેકટરશ્રીને કરવાની રહેશે. આ બાબતમાં કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની સીધાં પગલાં લઇ શકશે નહી.

૧૬. મુખ્ય દરવાજો શિયાળામાં રાત્રિના ૮-૩૦ વાગ્યે બંધ કરવામાં આવશે.

૧૭. આમાંના કોઇપણ નિયમની જયારે અને જેમ આવશ્યક જણાય ત્યારે અને તેમ બદલવાની રેકટરશ્રીને અબાધિત સત્તા છે.

૧૮. ગૃહપિતા/ગૃહમાતા અથવા રેકટરશ્રીનું સંપૂર્ણ ગૌરવ જળવાય તે રીતે દરેક છાત્રવાસીઓએ અદબથી વર્તવાનું રહેશે.

૧૯. છાત્રાલય ના સામાજિક અને શિસ્તબદ્ધ વાતાવરણની જાળવણીમાં અવરોધ થાય તેવું કે બીજાને નિયમ ભંગ માટે ઉશ્કેરવાનું કૃત્ય કરી શકાશે નહીં. આ નિયમનો ભંગ કરનારની સામે સખ્તાઇથી કામ લેવામાં આવશે.

૨૦. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અવાર-નવાર સક્ષમ સત્તા કે રેકટરશ્રી તરફથી અપાતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨૧. હોસ્ટેલ માં નશીલા પદાર્થોનું સેવન કરવાની કે સંગ્રહ કરવાની સખત મનાઇ છે. તેમ છતાં આ નિયમનો ભંગ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તથા અન્ય ગેરકાનૂની કૃત્ય આચરનાર કે સામાન્ય સંગ્રહિત કરનાર સામે પણ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

## રસોડા અંગેના નિયમો :-

૧. યુનિવર્સિટીના નીતિ-નિયમો અનુસાર રસોડાની સગવડ કરવામાં આવશે.

૨. રસોડામાં કામ કરતા નોકરો/કર્મચારીઓ સાથે કોઇપણ બાબતે સીધી જીભાજોડી કરવી નહીં. આ અંગેની કોઇપણ ફરિયાદ રેકટરશ્રીને કરવાની રહેશે.

૩. રસોડામાં જમવાના સ્થળે ખોરાકની બનાવટ અંગે ટીકા કરવી નહીં. ખોરાકની ગુણવત્તા માટે રેકટરશ્રી ને સાથે રાખી જરૂરી તમામ કાર્યવાહી કરવાની રહેશે.

૪. રસોડામાં જમવાના સ્થળે મોટેથી બૂમો પાડી કે ઘાંટા પાડીને બોલવુ નહીં. જમવાની બેઠક માટે કોઇની જગ્યા રોકવી નહી.

૫. થાળીમાં જે પીરસાવો કે જાતે લો તે તમામ જરૂરીયાત મુજબનું રાખો. થાળીમાં ખોરાકનો બગાડ ન થાય તેની કાળજી લેવી બગાડ માટે જરૂર જણાય તો રેકટરશ્રી દંડિત કરી શકાશે.

૬. હોસ્ટેલ રસોડામાં કટ સંબંધીના નિયમો જે નકકી કરવામાં આવશે તે દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને માન્ય રહેશે.

૭. રસોડામાં આપવામાં આવેલ ફર્નીચર કે વાસણોનો ઘસારો યુનિવર્સિટી દ્વારા નિયત થાયતે મુજબ માસિક ભોજન બીલમાં વસૂલ લેવામાં આવશે.

ઉપર દર્શાવેલ છાત્રાલયના નિયમો મેં વાંચ્યા છે અને જે મને બંધનકર્તા રહેશે.

તારીખ :- વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની સહી